**ઇન્ડિયા ગેટ ખાતે સુભાષચંદ્ર બોઝની હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ**


# E-COPY
**(JANUARY-2022)**
PART-2



# વર્તમાન પ્રવાહો

**: DATE :**
**21/01/2022 to 31/01/2022**

**ભ્રષ્ટાચાર અવધારણા સુચંકાકમાં ભારત 85 માં સ્થાને**




**73 માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું આયોજન**



વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **તાજેતરમાં 2022માં ભારતના પસંદગીના શહેરોમાં 5G ટેલિકોમ સેવાઓનો પ્રારંભ કરવા અગ્રણી ટેલિકોમ સેવા પ્રદાતા (પ્રોવાઈડર) કંપનીઓ તૈયાર છે.**

→ રિલાયન્સ જિયો, ભારતી એરટેલ અને વોડફોન આઈડિયાએ ભારતના મેટ્રો શહેરોમાં 5G ટ્રાયલ સાઈટો અગાઉથી જ સ્થાપિત કરી દીધી છે. દૂરસંચાર વિભાગે 27 ડિસેમ્બર, 2021ના ઘોષણા કરી હતી કે આ, મેટ્રો અને મોટા શહેરો 2022માં ભારતમાં પ્રથમ 5G નેટવર્ક માટેના સ્થળો હશે.

→ ભારતમાં પ્રથમ 5G નેટવર્ક ગુરુગ્રામ, બેંગલોર, કોલકાતા, મુંબઈ, ચંડીગઢ, દિલ્હી, જામનગર, અમદાવાદ, ચેન્નાઈ, હૈદરાબાદ, લખનઉ, પુણે અને ગાંધીનગર જેવા શહેરોમાં શરૂ કરવામાં આવશે.

→ 5G સેવા 3 બેન્ડ્સ લો, મિડ અને હાઈ–ફ્રિકવન્સી સ્પેક્ટ્રમમાં આવશે. લો બેન્ડ સ્પેક્ટ્રમમાં ઝડપ 100 Mbps હશે. મિડ–બેન્ડ સ્પેક્ટ્રમ લો બેન્ડ સ્પેક્ટ્રમની તુલનામાં વધુ ઝડપ ઓફર કરશે. અલબત્ત, કવરેજ વિસ્તાર અને સિગ્નલ પ્રાપ્ત કરવાની બાબતમાં તેની મર્યાદા છે. હાઈ–બેન્ડ સ્પેક્ટ્રમમાં ઝડપ 20 Gbps આવશે.

→ આઠ એજન્સીઓ – IIT (બોમ્બે), IIT (દિલ્હી), IIT (હૈદરાબાદ), IIT (કાનપુર), IIT (મદ્રાસ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (બેંગલોર), સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન વાયરલેસ ટેકનોલોજી અને સોસાયટી ફોર એપ્લાઈડ માઈક્રોવેવ ઈલેકટ્રોનિકસ એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ સ્વદેશી 5G ટેસ્ટ–બેડ પ્રોજેક્ટ તરીકે ઓળખાતા સંશોધન પ્રોજેકટમાં સંકળાયેલી છે.

❖ **તાજેતરમાં દેશની સૌથી મોટી કૌશલ્ય પ્રતિયોગિતા ઈન્ડિયા સ્કિલ્સ, 2021નું આયોજન નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા કરવામાં આવ્યું હતું.**

→ 2021ની ઈન્ડિયા સ્કિલ્સ સ્પર્ધા પ્રગતિ મેદાન (દિલ્હી), મુંબઈ, બેંગલુરુ અને અનેક અન્ય સ્થળોએ યોજાઈ હતી. આ સ્પર્ધા કૌશલ્યના ઉચ્ચતમ માપદંડોને પ્રદર્શિત કરવા માટે ડિઝાઈન કરાઈ છે અને તે યુવા લોકોને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરવાનું એક મંચ પ્રદાન કરે છે. જેમાં 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ 54 કૌશલ્યોમાં પોતાના કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ ઈન્ડિયા સ્કિલ પ્રતિયોગિતામાં ઓડિશા રાજ્ય પ્રથમ ક્રમે જ્યારે મહારાષ્ટ્ર બીજા ક્રમે અને કેરળ ત્રીજા ક્રમે રહ્યું.

→ ઈન્ડિયા સ્કિલ્સના વિજેતાઓ ઓકટોબર 2022માં ચીનના શાંઘાઈમાં યોજાનારી વર્લ્ડ સ્કિલ્સ ઈન્ટરનેશનલ પ્રતિયોગિતામાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. વર્લ્ડ સ્કિલ્સ કોમ્પિટિશન 'ઓલિમ્પિકસ ઓફ સ્કિલ્સ' તરીકે ઓળખાય છે.

→ નોંધનીય છે કે આ રિપોર્ટ દર બે વર્ષે એક વખત તૈયાર કરવામાં આવે છે.

❖ **તાજેતરમાં ભારતીય સૈન્ય દ્વારા ભારતીય સૈન્યનો નવો કોમ્બેટ યુનિફોર્મ જાહેર કર્યો.**

→ ભારતીય સૈન્ય 12 લાખથી વધુ સૈન્યકર્મીઓને નવો યુનિફોર્મ આપશે. જૂના યુનિફોર્મથી વિપરીત, નવા યુનિફોર્મની નીચે કોમ્બેટ ટી–શર્ટ છે. પાછલો યુનિફોર્મ 2008થી ઉપયોગમાં છે. નવા યુનિફોર્મનો કલર જૂના યુનિફોર્મ જેવો જ છે. એટલે કે માટીની છાંટ અને ઓલિવ ગ્રીન રંગ. તેની પેટર્ન ડિજિટલ છે. નવો યુનિફોર્મ હળવા, મજબૂત અને શ્વાસ લેવા યોગ્ય કાપડમાંથી તૈયાર કરાયો છે. કાપડનો કોટનથી પોલિસ્ટર રેશિયો 70:30 છે. આ તેને ગરમી અને ભેજવાળા વાતાવરણમાં પહેરવામાં વધુ આરામદાયક બનાવે છે. જૂના યુનિફોર્મની તુલનામાં નવો યુનિફોર્મ 15% હળવો અને 23% મજબૂત છે.

→ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT)ના 12 ડિઝાઈનરોની એક ટીમ જેમાં સાત પ્રોફેસરો અને ત્રણ વિદ્યાર્થીઓ તથા બે પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આ યુનિફોર્મની ડિઝાઈન તૈયાર કરી છે. હવે નવા યુનિફોર્મમાં QR કોડ અને એક બારકોડ પણ આવશે.

❖ **તાજેતરમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે નેશનલ કેડેટ કોર (NCC)ના કેડેટો દ્વારા તૈયાર કરવામાં આવેલું 'રાષ્ટ્રીય એકતા ગીત' લોન્ચ કર્યું હતું.**

→ રાષ્ટ્રીય એકતા ગીત 22 ભાષામાં રચવામાં આવ્યું છે. આ ગીત રાષ્ટ્રીય એકતાના વિષય પર આધારિત છે. તેને વિજય શ્રેણી અને સંસ્કૃતિઓના મહાસંગમ અભિયાનના ગ્રાન્ડ ફિનાલેમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. આ મેગા ઈવેન્ટનું આયોજન નવી દિલ્હીમાં NCC દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. NCCની સ્થાપના 1950ના અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી. NCC ભારતીય સશસ્ત્ર દળોની યુવા શાખા છે અને તેનું વડુમથક નવી દિલ્હીમાં આવેલું છે.

❖ **કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ (હાઈવે) મંત્રી નીતિન ગડકરીએ તાજેતરમાં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના ડાસના ખાતે 'ઈસ્ટર્ન પેરિફેરલ એકસપ્રેસવે' પર ભારતની સૌપ્રથમ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ લોન્ચ કરી છે.**

→ આ સિસ્ટમ ટ્રાફિક ઓછો કરવા અને પ્રવાસીઓની સુરક્ષા વધારવા માટે વિકસાવાઈ છે.

❖ **વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના રાજ્ય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ, 2022ની થીમ લોન્ચ કરી હતી. જેમાં વૈજ્ઞાનિક મુદ્દાઓની જાહેર સરાહના કરાઈ હતી.**

→ રામન ઈફેક્ટની શોધને ચિન્હિત કરવા માટે દર વર્ષે 28 ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવાય છે.

→ થીમ : 'ઈન્ટેગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેનેબલ ફ્યુચર'

❖ **નોર્થર્ન ફ્રન્ટિયર રેલવેએ તાજેતરમાં પ્લાન બી (Plan Bee) લોન્ચ કર્યો હતો.**

→ આ પ્લાન બી નો ઉદ્દેશ હાથીઓને ટ્રેનના પાટાથી દૂર રાખવાનો છે. પ્લાન બી ને હાલમાં જ ઈન્ડિયન રેલવે તરફથી બેસ્ટ ઈનોવેશન એવોર્ડ મળ્યો છે.

Banking Academy

❖ **ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના તાજેતરના સંશોધન મુજબ, ભારત વર્ષ 2026 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઈથેનોલ બજાર બનવાના માર્ગે છે.**

→ ભારતે વર્ષ 2070 સુધીમાં કાર્બન તટસ્થ બનવા સ્વચ્છ ઊર્જા પર્યાવરણની દિશામાં ઝડપથી પગરણ માંડયા હોવાથી 2026 સુધીમાં તે ઈથેનોલના વપરાશમાં માત્ર અમેરિકા અને બ્રાઝિલથી જ પાછળ રહેશે. ભારત 2017 થી 2021 વચ્ચે તેનો ઈથેનોલ વપરાશ ત્રણ ગણો વધારીને 3 અબજ લિટરે પહોંચાડતા આ સંશોધન હાથ ધરાયું હતું. આ સાથે, ભારત 2026 સુધીમાં ચીનને ઓવરટેક કરીને ઈથેનોલનો વિશ્વનો ત્રીજો સૌથી મોટો વપરાશકાર બની જશે.

→ IEA અનુસાર, ભારતે ઈથેનોલના મિશ્રણના વિસ્તરણમાં ગંજાવર પ્રગતિ કરી છે. વર્ષ 2017માં ઈંધણમાં ઈથેનોલનું મિશ્રણ માત્ર 2% હતું. વર્ષ 2021 સુધીમાં તે 8% પર પહોંચી ગયું છે. આમ તેણે ભારતને 2022માં 10% મિશ્રણ લક્ષ્યાંક હાંસલ કરવા સુધી લાવી મૂકયું છે.

→ PM નરેન્દ્ર મોદીએ જૂનમાં નોંધ્યું હતું કે, કેન્દ્ર સરકાર વર્ષ 2025 સુધીમાં પેટ્રોલમાં 20% ઈથેનોલ મિશ્રણના ઉદ્દેશને સિદ્ધ કરવા પ્રતિબદ્ધ છે. અગાઉ આ લક્ષ્યાંક વષ 2030 હતું. વર્તમાનમાં, પેટ્રોલ સાથે 8.5% ઈથેનોલ મિશ્રિત કરાય છે.

❖ **12 જાન્યુઆરી, 2022ના રોજ સ્વામી વિવેકાનંદની જયંતીના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુડુચેરીમાં 25મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ COVID-19 મહામારીના કારણે વર્ષ 2022નો રાષ્ટ્રીય યુવા મહોત્સવ 12 અને 13 જાન્યુઆરીએ આભાસી ઢબે યોજાયો હતો. રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન ભારતીય યુવાઓના મનને આકાર આપવા તથા તેમને રાષ્ટ્ર નિર્માણ માટે સંગઠિત બળમાં પરિવર્તિત કરવાના તથા વૈવિધ્યપૂર્ણ ભારતીય સંસ્કૃતિઓને એક સાથે લાવી તેમને એક ભારત, શ્રેષ્ઠ ભારતના સંયુકત સૂત્રમાં એકીકૃત કરવાના ઉદ્દેશથી કરાય છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને મલ્ટિ એજન્સી સેન્ટર્સ (MACs)ના માધ્યમથી ગુપ્ત માહિતી શેર કરવા કહ્યું છે અમે તેને અનિવાર્ય કરી દીધું છે.**

→ આ આદેશ ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. ગુપ્ત માહિતી શેર કરવા માટે મલ્ટિ એજન્સી સેન્ટર (MAC)નું ગઠન કરવામાં આવ્યું હતું. MACનું ગઠન કારગિલ યુદ્ધ બાદ કરવામાં આવ્યું હતું. ઈન્ટેલિજનસ બ્યૂરો (IB) આ સેન્ટર બનાવવા માટે નોડલ એજન્સી હતી. 28 થી વધુ રાષ્ટ્રીય અને રાજ્ય સંગઠન MACનો હિસ્સો છે. તેમાં રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW), રાજ્ય પોલીસ અને સશસ્ત્ર દળ સામેલ છે. MAC IB સંચાલિત કાઉન્ટર ટેરેરિઝમ ગ્રિડ છે. MACના ગઠનની ભલામણ કારગિલ સમીક્ષા સમિતિએ કરી હતી.

❖ **કોલસા ક્ષેત્ર સાથે સંબંધિત પ્રમુખ પ્રદર્શન સંકેતકો (KPIs-કી પરફોર્મન્સ ઈન્ડિકેટર્સ)ને સામાન્ય લોકો સાથે વહેંચવા માટે કોલસા મંત્રાલયે તાજેતરમાં કોયલા દર્પણ પોર્ટલ લોન્ચ કર્યું છે.**

→ કોયલા દર્પણ પોર્ટલનું ઉદ્‌ઘાટન કોલસા સચિવ ડો. અનિલકુમાર જૈને કર્યું હતું. પોર્ટલ હેઠળ પ્રારંભિક ચરણમાં મુખ્યત્વે કોલસો / લિગ્નાઈટ ઉત્પાદન, કોલસા/લિગ્નાઈટની કુલ ખરીદી, અન્વેષણ ડેટા, કેન્દ્રીય ક્ષેત્રની યોજનાઓ, તાપ–વિદ્યુત પ્લાન્ટોમાં કોલસા સંગ્રહની સ્થિતિ, આંતરમાળખાકીય પ્રોજેકટો, કોલસા બ્લોકસની ફાળવણી અને કોલસા મૂલ્ય સાથે સંબંધિત સંકેતક પ્રદાન કરાશે.

❖ **ભારતના ચૂંટણી પંચએ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી અગાઉ વિધાનસભા મતવિસ્તારોમાં ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચ મર્યાદા વધારી છે.**

→ ECIએ સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચૂંટણી ખર્ચ મર્યાદા હાલના રૂ. 20 લાખથી વધારી રૂ. 28 લાખ અને રૂ. 28 લાખથી વધારીને રૂ. 40 લાખ કરી છે. સંસદીય મતક્ષેત્રના કિસ્સામાં, હાલના રૂ. 54 લાખથી વધારી રૂ. 75 લાખ અને રૂ. 70 લાખથી રૂ. 95 લાખ કરી દીધી છે. આ નવા આંકડાઓ આગામી બધી જ ચૂંટણીઓમાં લાગુ પડશે.

→ ECIએ ચૂંટણી ખર્ચ મર્યાદામાં છેલ્લે મોટો સુધારો વર્ષ 2014માં કર્યો હતો. 2020માં તે ખર્ચ મર્યાદા વધુ 10% વધારાઈ હતી.

❖ **તાજેતરમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતીરાજ મંત્રી ગિરિરાજસિંહે જમીન સંપાદન પ્રોજેકટોમાં રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના રેન્કિંગ માટે વિકાસ પોર્ટલ નામક મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ (MIS) પોર્ટલ લોન્ચ કર્યું છે.**

→ આ પોર્ટલ કેન્દ્ર સરકારના PM ગતિશકિત મિશનની તર્જ પર તૈયાર કરાયું છે. આ પોર્ટલ સાથે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને RFCTLARR અધિનિયમ, 2013 (Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013) અંતર્ગત જમીન સંપાદન (અધિગ્રહણ) પ્રોજેકટોમાં રેન્ક આપવામાં આવશે. દેશમાં ડેટા, આંકડાઓ અને વિકાસની ગતિના આધારે ટોપ 3 રાજ્યો અને ટોપ 3 જિલ્લાઓને પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે. વિકાસ પોર્ટલનો વિકાસ જમીન સંસાધન વિભાગના નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર (NIC)ની ટીમે કર્યો છે.

❖ **5 જાન્યુઆરી, 2022ના રોજ કેન્દ્ર સરકારની ઉજાલા (ઉન્નત જયોતિ બાય એફોર્ડેબલ LEDs ફોર ઓલ) યોજનાએ સાત વર્ષ પૂર્ણ કર્યા છે.**

→ UJALA પહેલ દુનિયાનો સૌથી મોટો શૂન્ય સબસિડી ધરાવતો ઘરેલુ પ્રકાશ કાર્યક્રમ છે. જે અંતર્ગત 36.78 કરોડથી વધુ LEDs દેશભરમાં વિતરિત કરાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ LED ને 'પ્રકાશ પથ – વે ટુ લાઈટ' તરીકે વર્ણવી છે.

→ ઉજાલા યોજનાનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 જાન્યુઆરી, 2015ના કર્યો હતો. તેનું નેતૃત્વ એનર્જી એફિસિયન્સી સર્વિસીઝ લિ. (EESL)ને સોંપાયું છે. ગુજરાત કેન્દ્ર સરકારની ઉજાલા યોજનાનો સૌથી વધુ લાભ લેનારા રાજ્યોમાં બીજા ક્રમે છે. રાજ્યમાં કુલ 4.14 કરોડ LED બલ્બનું વિતરણ કરાયું છે. આ યાદીમાં ઓડિશા 5.22 કરોડ LEDના વિતરણ સાથે પ્રથમ અને ઉત્તરાખંડ 2.63 કરોડ LEDના વિતરણ સાથે ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં સુરત મહાનગર 43.38 લાખ LEDના વિતરણ સાથે પહેલાં નંબરે છે. સૌથી ઓછું LED વિતરણ પાટનગર ગાંધીનગરમાં માત્ર 3.36 લાખ LEDનું છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 20 જાન્યુઆરી 2022ના રોજ 'આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર' કાર્યક્રમ શરૂ કર્યો છે.**

→ આ કાર્યક્રમ બ્રહ્માકુમારીઓ દ્વારા સમર્પિત આઝાદી કા અમૃત વર્ષના વાર્ષિક ઉત્સવનું પ્રતિક છે. આ પહેલ અંતર્ગત 15000 કાર્યક્રમો અને 30 અભિયાનોનું આયોજન થયું. આ કાર્યક્રમ દરમિયાન ગ્રેમી પુરસ્કાર વિજેતા રિકી રેજે આ કાર્યક્રમને સમર્પિત એક ગીત રજૂ કર્યું.

❖ **નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જયંતીના અવસરે તેમના હોલોગ્રામ સ્ટેચ્યૂનું પ્રધાનમંત્રી દ્વારા અનાવરણ કરવામાં આવ્યું.**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 જાન્યુઆરી, 2022ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જયંતીએ તેમને સંસદના સેન્ટ્રલ હોલમાં પુષ્પાંજલિ અર્પી હતી. આ વર્ષથી ભારતની પ્રજાસત્તાક દિવસ ઉજવણીઓ નેતાજીની જન્મજયંતી અર્થાત 23 જાન્યુઆરીથી શરૂ થશે અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિન 30 જાન્યુઆરીએ સમાપ્ત થશે. ભારત સામાન્ય રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો આરંભ દર વર્ષે 24 જાન્યુઆરીથી કરે છે. જો કે, આ વર્ષથી તેનો શુભારંભ 23 જાન્યુઆરીથી કરાયો છે. PM મોદીએ અગાઉ 21 જાન્યુઆરી, 2022ના ઘોષણા કરી હતી કે નેતાજીનું ઋણ ચૂકવવા ઈન્ડિયા ગેટ ખાતે તેમની 28 ફીટ ઊંચી અને 6 ફીટ પહોળી ગ્રેનાઈટની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરાશે. હાલમાં ઓડિશાના પ્રસિદ્ધ મૂર્તિકાર અદ્વૈત ગડનાયક નેતાજીની પ્રતિમાનું નિર્માણ કરી રહ્યા છે. ગ્રેનાઈટની આ ભવ્ય પ્રતિમા સ્થાપ્તિ કરાય ત્યાં સુધી ઈન્ડિયા ગેટ ખાતે સુભાષબાબુનું હોલોગ્રામ સ્ટેચ્યૂ સ્થાપિત રહેશે.

❖ **ભારતે 26 જાન્યુઆરી, 2022 ના રોજ 73મો પ્રજાસત્તાક દિવસ (ગણતંત્ર દિવસ) સુરક્ષા બંદોબસ્ત વચ્ચે રંગેચંગે ઉજવ્યો હતો.**

→ પ્રજાસત્તાક દિવસ પરેડ 2022 નયનરમ્ય નવનિર્મિત રાજપથ ખાતે યોજાઈ હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાજપથ પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવીને 73મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં દેશનું નેતૃત્વ કર્યું હતું. 21 તોપની સલામી 871 ફિલ્ડ રેજિમેન્ટની સેરેમોનિયલ બેટરી દ્વારા અપાઈ હતી. અગાઉ બ્રહ્મકમલ સાથેની ઉત્તરાખંડી ટોપી અને મણિપુરના ગમછામાં સજ્જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે શહીદોને પુષ્પાંજલિ અર્પી હતી. 155 હેલિકોપ્ટર એકમના ચાર Mi-17V5 હેલિકોપ્ટરે આકાશમાં વાઈનગ્લાસ ફોર્મેશનની રચના કરી હતી. પરેડમાં સામેલ થનારૂં પહેલું દળ 61 કેવેલરી હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 61 કેવેલરી સમગ્ર વિશ્વમાં એક માત્ર સેવારત્ સક્રિય હોર્સ કેવેલરી રેજિમેન્ટ (અશ્વ દળ) છે.

→ પ્રજાસત્તાક દિવસ ફ્લાઈપાસ્ટ 2022માં 75 વિમાનો અને હેલિકોપ્ટરોએ વિવિધ ફોર્મેશનો રચ્યા હતા. તેમાં રાફેલ, સુખોઈ, જગુઆર, MI-17, સારંગ, અપાચે અને ડાકોટા જેવા વર્તમાન આધુનિક યુદ્ધ વિમાનો/હેલિકોપ્ટરોનો સમાવેશ થતો હતો અને આ લડાકુ વિમાનો/હેલિકોપ્ટરોએ અમૃત, એકલવ્ય, રાહત, મેઘના, ત્રિશૂલ, તિરંગા અને વિજય સહિતના વિવિધ ફોર્મેશનો રચ્યા હતા.

→ ભારતના 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ 21 પરંપરાગત ટેબ્લોએ પ્રજાસત્તાક દિવસ પરેડમાં ભાગ લીધો હતો. મેઘાલયે તેના ટેબ્લોમાં તેના રાજ્યતત્વના 50 વર્ષ (ગોલ્ડન જ્યુબિલી)નું પ્રદર્શન કર્યું હતું. 73મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતના ટેબ્લોમાં પાલ દઢવાવમાં અંગ્રેજોએ સર્જેલા નરસંહારને દર્શાવાયો હતો. આ હત્યાકાંડ 1922માં થયો હતો.

→ ઉત્તર પ્રદેશની થીમ 'અચીવમેન્ટ્સ થ્રુ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એમ્પ્લોયમેન્ટ થ્રુ વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ પ્રોગ્રામ' હતી. તેણે કાશી વિશ્વનાથ ધામ પણ પ્રદર્શિત કર્યું હતું.

→ આ ટેબલોના પ્રદર્શનમાં ઉત્તર પ્રદેશ પ્રથમ ક્રમાંકે રહ્યું હતું.

❖ **29 જાન્યુઆરી, 2022ના રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીના વિજય ચોક ખાતે આયોજિત બીટિંગ રિટ્રીટ સમારોહમાં ડ્રોન શોના ભાગરૂપે સૌપ્રથમવાર 1,000 મેક ઈન ઈન્ડિયા ડ્રોન્સે દિલ્હીના આકાશને ઝગમગાવ્યું હતું.**

→ 10 મિનિટના ડ્રોન શોનું આયોજન સ્ટાર્ટઅપ બોટલેબ ડાયનેમિક્સ દ્વારા કરાયું હતુ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT), દિલ્હી તથા વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે તેને સહાય કરી હતી. બીટિંગ રિટ્રીટ સેરેમનીના પ્રિન્સિપાલ કન્ડક્ટર કમાન્ડર વિજય ચાર્લ્સ ડી' ક્રૂઝ હતા. આ 1000 ડ્રોન્સે ભારતનો નકશો, તિરંગો, સિંહાકૃતિ અને મહાત્મા ગાંધીની તસવીર આકાશમાં રચી હતી. આ વર્ષે બીટિંગ રિટ્રીટ સેરેમનીમાં હિન્દ કી સેના, કેરાલા અને એ મેરે વતન કે લોગો સહિતની અનેક નવી ધૂન પણ ઉમેરવામાં આવી હતી. છેલ્લે સારે જહાં સે અચ્છા ધૂન સાથે સમારોહ સંપન્ન થયો હતો.

❖ **COVID-19 ના ઉચ્ચ સંક્રમણ દર ધરાવતા ઓમિક્રોન વેરિયન્ટના દેશભરમાં વ્યાપેલા પ્રકોપને લઈને વર્ષ 2022ની ગણતંત્ર દિવસ ઉજવણીઓમાં કોઈ વિદેશી મુખ્ય અતિથિને આમંત્રિત કરાયા નહીં.**

→ અગાઉ, ભારતે બધા જ પાંચ મધ્ય એશિયન દેશોના વડાઓને પ્રજાસત્તાક દિવસ ઉજવણીઓમાં મુખ્ય અતિથિઓ તરીકે આમંત્રિત કર્યા હતા.

## આંતરરાજ્ય

❖ **ડિસેમ્બર, 2021 સુધીમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ચરણ–II કાર્યક્રમ અંતર્ગત સૌથી વધુ ખુલ્લામાં શૌચક્રિયા મુકત (ODF) પ્લસ ગામોની સંખ્યાની દૃષ્ટિએ તેલંગાણા ભારતના અન્ય રાજ્યોમાં પ્રથમ સ્થાને છે.**

→ તેલંગાણાના 14,200 ગામોમાંથી લગભગ 13,737 ગામો ODF (ઓપન ડેફેકેશન ફ્રી – ખુલ્લામાં શૌચક્રિયા મુકત) પ્લસ સૂચિમાં છે. જેની ટકાવારી 96.74% છે. તેલંગાણા પછી બીજા ક્રમે 4,432 ગામો સાથે તમિલનાડુ અને ત્રીજા સ્થાને 1,511 ગામડાંઓ સાથે કર્ણાટક છે. ગુજરાતે માત્ર 83 ગામો (0.45%) સાથે 17મું સ્થાન હાંસલ કર્યું છે.

❖ **મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં 97મો 'વિશ્વ સંગીત તાનસેન ઉત્સવ' યોજાયો હતો.**

→ આ 5 દિવસીય વિશ્વ સંગીત તાનસેન મહોત્સવનું સ્ટેજ (મંચ) ઓમકારેશ્વરમાં સ્થિત સિદ્ધનાથ મંદિરની થીમ પર બનાવવામાં આવ્યું હતું. આ વિશ્વખ્યાત સંગીત મહોત્સવમાં ભારત તેમજ વિદેશોના કલાકારોએ ભાગ લીધો હતો. મહોત્સવ દરમિયાન, કુલ નવ સંગીત જલસાઓ યોજાયા હતા. પ્રથમ સાત સંગીત જલસાઓ મહાન સંગીતજ્ઞ તાનસેનની સમાધિ અને મોહમ્મદ ઘાઉસના મકબરા ખાતે તૈયાર મંચ પર યોજાયા હતા. આઠમો સંગીત જલસો ઝીલમિલ નદીના કિનારે 30 ડિસેમ્બર, 2021ના રોજ યોજાયો હતો. તેનું આયોજન અદ્વિતીય સંગીતજ્ઞ તાનસેનના જન્મસ્થળ બેહટમાં કરાયું હતું, જ્યારે છેલ્લો જલસો ગ્વાલિયરના કિલ્લામાં યોજાયો હતો.

- **તેલંગાણાના હૈદરાબાદના શમશાબાદમાં 11મી સદીના મહાન વૈષ્ણવ સંત તથા સમાજ સુધારક રામાનુજાચાર્યની સ્મૃતિમાં નિર્મિત 216 ફીટ ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ ઈકવલિટી'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી 5 ફેબ્રુઆરી, 2022ના અનાવરણ કર્યું.**
  - → આસનસ્થ અને નમસ્કારની મુદ્રામાં આ વિશ્વની બીજી સૌથી ઊંચી પ્રતિમા છે. મ્યાનમારની 256 ફીટની ભગવાન બુદ્ધની પ્રતિમા ઊંચાઈમાં પ્રથમ ક્રમે છે. ત્યારબાદ 13 ફેબ્રુઆરી, 2022ના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અંદરના કક્ષમાં સંત રામાનુજાચાર્યની 120 કિગ્રા સોનાની પ્રતિમા તેમજ કક્ષનું અનાવરણ કર્યું. ઉકત પ્રતિમા 'પંચલોહા' – સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ અને ઝિંકમાંથી બનાવાઈ છે.
- **હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે ઘોષણા કરી હતી કે રાજયએ તેની 100% 18+ વસ્તીને કોવિડ–19 રસીકરણ કરાવી લીધું છે.**
  - → હિમાચલ પ્રદેશે બધા જ યોગ્ય લોકોને વેકિસનના બન્ને ડોઝ આપી દીધા છે. આ સાથે હિમાચલ પ્રદેશ 100% વેકિસનેશન લક્ષ્યાંક પૂર્ણ કરનારું દેશનું પ્રથમ રાજય બની ગયું છે.
- **દિલ્હી કેબિનેટે સૌપ્રથમ ટીચર્સ યુનિવર્સિટી સ્થાપવાની લીલીઝંડી આપી છે.**
  - → આ સૂચિત યુનિવર્સિટી ધોરણ–12 પછી ચાર વર્ષનો એક ઈન્ટેગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ (ITEP) ઓફર કરશે. અભ્યાસ કાર્યક્રમમાં, BA & B.Ed, B.Sc & B.Ed. તથા B.Com & B.Ed. ના અભ્યાસક્રમો સામેલ કરાશે. આ અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવતી વખતે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારાઓને તાલીમ માટે દિલ્હીની સરકારી શાળાઓ સાથે પણ જોડવામાં આવશે. દિલ્હી સરકાર આ અંગે દિલ્હી ટીચર્સ યુનિવર્સિટી બિલ, 2021 દિલ્હી વિધાનસભાના આગામી સત્રમાં લાવશે.
- **કેરળના કોચીનમાં સ્થિત કુંબલંગી ગામ ભારતની સૌપ્રથમ સેનિટરી નેપકિન મુકત પંચાયત બનવા જઈ રહ્યું છે.**
  - → આ જ ગામે અગાઉ ભારતના પ્રથમ આદર્શ પ્રવાસન ગામ તરીકે નામના મેળવી હતી. કુંબલંગીને ભારતની પ્રથમ સેનેટરી નેપકિન મુકત પંચાયત બનાવવાનું પગલું 'અવલકેયી' પહેલના ભાગરૂપે છે, જેનો અમલ એર્નાકુલમ સંસદીય મતવિસ્તારમાં HLL મેનેજમેન્ટ એકેડમી તથા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનથી થિંગલ યોજના સાથેના સહયોગમાં કરાઈ રહ્યો છે.
- **21 જાન્યુઆરી, 2022ના કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આભાસી ઢબે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ભારતનો પહેલો જિલ્લા સુશાસન સૂચકાંક જાહેર કર્યો હતો.**
  - → તે જમ્મુ–કાશ્મીર સરકારના સહયોગથી વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG) દ્વારા તૈયાર કરાયો છે. તે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીરના 20 જિલ્લાઓ માટે તૈયાર કરાયો છે. આ સાથે, જમ્મુ–કાશ્મીર જિલ્લા સુશાસન સૂચકાંકવાળો પ્રથમ ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયો છે.
- **કોચી (કેરળ) કોચી શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવનારી 23 બેટરી સંચાલિત ઈલેકિટ્રક બોટ્સમાંથી ડિસેમ્બર 2021માં પ્રથમ 'મુજિરિસ' નામક બોટના લોન્ચિંગ બાદ વોટર મેટ્રો પ્રોજેકટ ધરાવતું ભારતનું પ્રથમ શહેર બની ગયું છે.**
  - → આ પ્રોજેકટનું સંચાલન કોચી વોટર મેટ્રો લિમિટેડ (KWML) દ્વારા કરવામાં આવે છે તથા આ પ્રોજેકટની બોટને વોટર મેટ્રો તરીકે ઓળખવામાં આવે છે.

## ગુજરાત

- **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગાંધીનગર ખાતે 10મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–2022 અંતર્ગત ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે રાજયમાં વિવિધ પ્રોજેકટસમાં રૂ. 1 લાખ 66 હજાર કરોડના સૂચિત રોકાણોના MoU સંપન્ન કર્યા હતા.**
  - → આ MoU અનુસાર આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા જે 6 સૂચિત પ્રોજેકટસમાં રોકાણ થવાનું છે. તેમાં હઝીરા ખાતેની હયાત કેપ્ટીવ જેટીના એકસપાન્શન અને મોર્ડનાઈઝેશન માટે રૂ. 4200 કરોડ, હાલના 8.6 MMTPAના સ્ટીલ મેન્યુફેકચરીંગ પ્લાન્ટની ક્ષમતા વધારીને 18 MMTPA કરવા માટેના રૂ. 45 હજાર કરોડ, સુરતના સુવાલી ખાતે ગ્રીન સ્ટીલ પ્લાન્ટને કેપ્ટીવ પોર્ટ કેપેસીટી સાથેના એકસપાન્શન માટે રૂ. 30 હજાર કરોડ તથા કીડીઆબેટ સુરતમાં સ્ટીલ સિટી અને ઈન્ડસ્ટ્રીયલ કલસ્ટર માટે રૂ. 30 હજાર કરોડના રોકાણોનો સમાવેશ થાય છે. એટલું જ નહિ, રાજયમાં વિવિધ સ્થળોએ કુલ 10 ગીગાવોટ રિન્યુએબલ પાવર જનરેશન પ્લાન્ટ અંદાજે રૂ. 40 હજાર કરોડના રોકાણ સાથે આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ દ્વારા ઉભા કરાશે. જેમાં હાઈબ્રીડ, સોલાર અને વિન્ડ એનર્જી ત્રણેયનો સમાવેશ થવાનો છે. આ પ્લાન્ટસ પૈકી પ્રથમ તબક્કામાં ભાવનગર જિલ્લાના કાળાતળાવ ખાતે 2200 મેગાવોટના પ્લાન્ટ માટે પણ આ MoU થયા છે.
- **1984ના શીખ વિરોધી રમખાણો અને 2002ના ગોધરાકાંડની તપાસ કરનારા જસ્ટિસ ગિરીશ ઠાકોરલાલ નાણાવટીનું 86 વર્ષની વયે હૃદય બંધ થવાને લીધે નિધન થયું.**
  - → 1979માં તેમની ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ તરીકે નિમણૂક થઈ હતી. 1995માં તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે પ્રમોશન મળ્યું હતું.
- **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ જિલ્લાના દેવધોલેરા નજીક ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રેનિયોરશિપ એન્ડ ટેકનોલોજી i-Createના ઈલેકિટ્રક વેહિકલ સેન્ટર ઓફ એકસેલન્સનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.**
  - → i-Creat EV સેન્ટર ઓફ એકસલન્સમાં નાના ઈલેકિટ્રક વાહનો માટે યુનિક અને ઈન્ટિગ્રેટેડ ઓપનસોર્સ પ્લેટફોર્મ બનાવવાથી માંડીને શહેરો માટે ઓપન સ્ટાન્ડડર્સ તરીકે ગ્રીન અર્બન માસ મોબિલિટી પ્લેટફોર્મ વિકસાવવા સુધીની અનેક પહેલો ચાલી રહી છે. ભારત સરકારના 2030ના ઈલેકિટ્રક વાહનો (EV)ના લક્ષ્યાંકને સમર્થન આપવા માટે રાજ્ય સરકારે ગુજરાત ઈલેકિટ્રક વેહિકલ પોલિસી–2021 ઘડી છે.
  - → સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને ઉબર સાથે મળીને i-Create એ તાજેતરમાં ઈલેકિટ્રક વાહનોનો વપરાશ વધારવા અને તેને અપનાવવા માટેના પ્રગતિશીલ વિચારોને સમર્થન આપવા માટે ગ્રીન મોબિલીટી ઈનોવેશન ચેલેન્જ હાથ ધરી હતી.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટમાં રૂપિયા 42.38 કરોડના ખર્ચે નિર્મિત લક્ષ્મી નગર અન્ડર બ્રિજનું નામકરણ શહીદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) બિપિન રાવત બ્રિજ નામ આપી ઈ લોકાર્પણ કર્યું હતું.**

❖ **ગોવામાં આયોજિત IISF-2021માં ગુજરાતના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગને બેસ્ટ પેવેલિયન એવોર્ડ પ્રાપ્ત થયો છે.**

→ IISFની 7મી આવૃત્તિનું આયોજન વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય, ભારત સરકાર અને ગોવા સરકાર દ્વારા કરવામા આવ્યું હતું.

❖ **73 મા પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ–પ્રભાસ પાટણના સદભાવના ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કર્યું હતું.**

→ આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના સમારોહમાં જુદા–જુદા સુરક્ષા દળોની 18 જેટલી પ્લાટૂન્સ દ્વારા શિસ્તબદ્ધ રીતે પરેડ કરવામાં આવી હતી. પરેડમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્લાટૂનમાં પ્રથમ ક્રમુ ગુજરાત જેલ પોલીસ પ્લાટૂન, દ્વિતીય ક્રમે ગુજરાત મરીન કમાન્ડો પ્લાટૂન અને ત્રીજા ક્રમે જૂનાગઢ મહિલા પોલીસ પ્લાટૂલ અને પેરામિલિટરી કેટેગરીમાં રેપિડ એકશન ફોર્સના પ્લાટૂન કમાન્ડરને ટ્રોફી એનાયત કરી સન્માન કર્યું હતું.

## આંતરરાષ્ટ્રીય

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 જાન્યુઆરી, 2022ના રોજ સૌપ્રથમવાર ભારત–મધ્ય એશિયા શિખર સંમેલનની આભાસી ઢબે મેજબાની કરી હતી.**

→ પાંચ મધ્ય એશિયન દેશોના રાષ્ટ્રાધ્યક્ષો – શાવકત મિર્ઝિયોયેવ (ઉઝબેકિસ્તાન), કાસિકમ–જોમાર્ટ તોકાયેવ (કઝાખસ્તાન), સાદિર જાપારોવ (કિર્ગિઝ ગણરાજ્ય), ઈમોમઅલી રહમોન (તાજિકિસ્તાન) અને ગુરબાંગુલી બર્દિમુહમેદોવ (તુર્કમેનિસ્તાન) શિખર સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. ભારત અને મધ્ય એશિયન દેશો વચ્ચે આવા પ્રકારનું ઉચ્ચ સ્તરીય શિખર સંમેલન સૌપ્રથમવાર યોજાયું છે. યોગાનુયોગ તે એવા અવસરે જ યોજાયું હતું જ્યારે ભારત અને મધ્ય એશિયન દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 30 વર્ષ પૂર્ણ થયા છે.

→ આ સંમેલનમાં ભારત–મધ્ય એશિયા સંબંધોની નવી ઊંચાઈએ લઈ જવા આગામી પગલાંઓ અંગે ચર્ચા કરાઈ હતી. નેતાઓએ દર બે વર્ષે તેનું આયોજન કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈને શિખર સંમેલન તંત્રને સંસ્થાગત બનાવવા અંગે સહમતિ વ્યકત કરી હતી. નવા તંત્રનું સમર્થન કરવા માટે નવી દિલ્હીમાં એક ભારત–મધ્ય એશિયા સચિવાલયની સ્થાપના કરાશે.

❖ **નીતિ આયોગ અને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (UN WFP) ફૂડ બાસ્કેટમાં વિવિધતા લાવવા સહમત થયા છે.**

→ નીતિ આયોગ અને UN WFP વચ્ચેની ભાગીદારી બાજરાને મુખ્ય પ્રવાહમાં લાવવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે અને 2023ને આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ તરીકે માન્યતા મળવા મધ્યે જ્ઞાન આદાનપ્રદાનમાં આંતરરાષ્ટ્રીય નેતૃત્વ લેવા ભારતને સહાય કરવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

❖ **વાયવ્ય પાકિસ્તાનમાં પાકિસ્તાની તથા ઈટાલિયન પુરાતત્વવિદોના સંયુકત દળને ખોદકામ દરમિયાન બૌદ્ધકાળનું 2300 વર્ષ જૂનું એક મંદિર તથા અમુક ખૂબ જ કિંમતી કલાકૃતિઓ પણ મળી આવી છે.**

→ આ મંદિર ખૈબર પખ્તુન્ખવા પ્રાંતના સ્વાત જિલ્લામાં બારિકોટ તહસિલમાં બૌદ્ધકાળના બાજિરા શહેરમાં મળ્યું છે.

❖ **તાજેતરમાં UNESCO એ હૈતીના જૌમૌ સૂપ (Joumou Soup)ને તેની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત યાદીમાં સામેલ કર્યું છે.**

❖ **તાજેતરમાં અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ HIV ચેપના જોખમને ઓછું કરવા માટે વિશ્વની પ્રથમ ઈન્જેકશન યોગ્ય દવાને મંજૂરી આપી છે.**

→ તેનું સામાન્ય નામ કેબોટેગ્રાવિર એકસટેન્ડેડ રિલીઝ ઈન્જેકટેબલ સસ્પેન્શન છે. આ દવા HIVની રોકથામ માટે દૈનિક ગોળીઓનો વિકલ્પ પ્રદાન કરે છે.

❖ **ચીનમાં સંશોધકોએ એક એવું મશીન વિકસાવ્યું છે જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને અપરાધીઓ/ગુનેગારો વિરુદ્ધ ચુકાદાઓ આપી શકે છે.**

→ આ વિશ્વનો પ્રથમ AI સુસજ્જ જજ છે. આ જજ કેસના મૌખિક વર્ણનના આધારે વકીલોની દલીલો સાંભળ્યા બાદ 97% ચોકસાઈ સાથે યોગ્ય ચુકાદો સંભળાવી શકે છે. ચીનની સૌથી મોટી અને વ્યસ્ત જિલ્લા પ્રોસિકયુશન ઓફિસ શાંઘાઈ પ્યુડોગ પીપલ્સ પ્રોકયુરેટરેટ દ્વારા તેનું નિર્માણ અને પરીક્ષણ કરાયું.

❖ **ચીનના શાંઘાઈ પ્રાંતમાં વિશ્વની સૌથી લાંબી મેટ્રો લાઈન ખુલ્લી મૂકવામાં આવી.**

→ આ ઉદ્‌ઘાટન સાથે, શાંઘાઈએ દુનિયાના સૌથી મોટા મેટ્રો નેટવર્કવાળા શહેર તરીકે સ્થિતિ જાળવી રાખી છે. બે ડ્રાઈવર–લેસ મેટ્રો લાઈનો લાઈન 14 અને લાઈન 18 ના પ્રથમ તબક્કાના આરંભ સાથે શાંઘાઈ મેટ્રો નેટવર્ક એકંદરે 831 કિ.મી. લાંબું થઈ ગયું છે.

→ અત્યારે શાંઘાઈમાં 20 મેટ્રો લાઈન અને 508 સ્ટેશનો છે, જેના કારણે તે વિશ્વનું સૌથી મોટું સબ–વે છે. શાંઘાઈ પછી રાજધાની બીજિંગનું સ્થાન છે, જ્યાં વિશ્વનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક છે. તાજેતરમાં જ દિલ્હીને વિશ્વના ત્રીજા સૌથી મોટા મેટ્રો નેટવર્કનું સ્થાન હાંસલ થયું છે.

❖ **UNSCના પાંચ કાયમી સદ્‌સ્યોનો પરમાણુ પ્રસાર રોકવાનો સંકલ્પ કર્યો.**

→ પરમાણુ યુદ્ધ અંગે સંયુકત રાષ્ટ્ર સલામતી સમિતિ (UNSC)નું નિવેદન 3 જાન્યુઆરી, 2022ના પ્રકાશિત કરાયું હતું. જેમાં પાંચ પરમાણુ સત્તાઓ અને UNSCના 5 કાયમી સદ્‌સ્યો રશિયા, ચીન, બ્રિટન, US અને ફ્રાન્સે એક સંયુકત નિવેદન થકી જણાવ્યું છે કે પરમાણુ શસ્ત્રોનો વધુ પ્રસાર તથા પરમાણુ યુદ્ધ ટાળવું જોઈએ.

❖ **શ્રીલંકાએ ભારતની મદદથી એક ઈન્ટરસિટી રેલવે સેવાનું નિર્માણ કર્યું છે.**

→ ભારતે આ પ્રોજેકટ માટે ડીઝલ એકમો (AC DMUs) પ્રદાન કર્યા છે. આ રેલવે સેવા માઉન્ટ લાવિનિયા (કોલંબો) અને કાંકેસંથુરાઈ (જાફના) વચ્ચે શરૂ કરવામાં આવી છે. રેલ ઈન્ડિયા ટેકનિકલ એન્ડ ઈકોનોમિક સર્વિસ (RITES)એ ભારતીય ક્રેડિટ લાઈન અંતર્ગત યાત્રી ડબાઓનો પુરવઠો આપ્યો છે.

❖ **લેખિકા અને સામાજિક કર્મશીલ માયા એન્જેલો અમેરિકન સિક્કા પર જોવા મળનારા પ્રથમ અશ્વેત મહિલા બની ગયા છે.**

→ અમેરિકન મહિલા કવાર્ટર કાર્યક્રમના ભાગરૂપે અમેરિકન ટંકસાળ દ્વારા 25 સેન્ટનો આ સિક્કો જાહેર કરવામાં આવ્યો છે.

❖ **તાજેતરમાં ચીનને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)એ 'વિકાસશીલ દેશ'નો દરજ્જો આપ્યો છે.**

→ આ નિર્ણય અનેક દેશોના નિર્ણય વિરુદ્ધ ચિંતાજનક અને વિવાદાસ્પદ મુદ્દો બની ગયો છે. WTOએ વિકસિત અને વિકાસશીલ દેશો માટે કોઈ પરિભાષા રજૂ કરી નથી અને તેથી સભ્ય દેશ પોતાને વિકસિત અથવા વિકાસશીલ દેશ ઘોષિત કરવા સ્વતંત્ર છે. જો કે અન્ય સભ્ય વિકાસશીલ દેશો માટે ઉપલબ્ધ જોગવાઈઓનો ઉપયોગ કરીને સભ્યના નિર્ણયને પડકારી શકે છે. WTO પાસે વિકાસશીલ દેશની યોગ્ય પરિભાષાનો અભાવ છે, જો કે WTOના 164 સભ્યોમાંથી 2/3 દેશો પોતાને વિકાસશીલ તરીકે વર્ગીકૃત કરે છે. WTO ના સભ્યો પોતાને વિકાસશીલ રાષ્ટ્ર ઘોષિત કરી શકે છે, WTO સમજૂતીમાં S&DT (Special and Differntial Treatment) જોગવાઈ વિકાસશીલ દેશને વિશેષાધિકાર પ્રદાન કરે છે.

❖ **તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિ ગુરબાંગુલી બર્દીમુખામેદોવે તાજેતરમાં જ વરિષ્ઠ અધિકારીઓને દેશમાં વિશાળ પ્રાકૃતિક ગેસ ભંડાર 'ગેટવે ટુ હેલ' (દરવાજા ગેસ ક્રેટર)માં લાગેલી આગને કાયમ માટે બુઝાવી દેવાના ઉપાયો શોધવાનો આદેશ આપ્યો છે.**

→ અત્રે યાદ રહે કે ગેટવે ટુ હેલમાં મિથેન, કાર્બન ડાયોકસાઈડ, નાઈટ્રોજન, હાઈડ્રોજન સલ્ફાઈડ અને હિલિયમનું મિશ્રણ મોજૂદ છે અને તેમાં છેલ્લા પાંચ દાયકાઓથી આગ ભભૂકી રહી છે.

→ માનવ નિર્મિત આ ખાડાની આગ પર્યાવરણ તથા નજીકમાં રહેતા લોકોના સ્વાસ્થ્યને નકારાત્મક અસર કરતી હોવાથી આ નિર્ણય લેવાયો છે. તુર્કમેનિસ્તાનની રાજધાની અશ્ગાબાતથી 260 કિ.મી. દૂર કારાકુમ રણવિસ્તારમાં સ્થિત દરવાજા ગેસ ક્રેટર અથવા તો ગેટવે ટુ હેલ 225 ફીટ પહોળો અને 99 ફીટ ઊંડો ખાડો છે. તેનો વ્યાસ 70 મીટર છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 71% ના એપ્રુવલ રેટિંગ સાથે વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે ટોચનું સ્થાન હાંસલ કર્યું છે.**

→ 13 નેતાઓનો સમાવેશ કરતી વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની સૂચિમાં અમેરિકન પ્રમુખ જો બિડેને છઠ્ઠું સ્થાન હાંસલ કર્યું છે. તેમની પછીના ક્રમે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો તથા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન છે.

❖ **તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે લિપુલેખ વિસ્તાર વચ્ચે ફરી વિવાદ સર્જાયો હતો.**

→ વર્તમાનમાં ભારત લિપુલેખ પાસનો રસ્તો પહોળો કરી રહ્યું છે.

→ નેપાળી સત્તા પક્ષે તાજેતરમાં આ બાબતે વાંધો ઉઠાવતું નિવેદન જાહેર કર્યું છે. સાથોસાથ નેપાળે ભારતના આ ક્ષેત્રમાં સૈનિકોને પાછા બોલાવવાની માંગ કરી છે. નેપાળે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા ક્ષેત્રો પર પણ દાવો કર્યો છે. કાલાપાની ક્ષેત્રમા લિપુલેખ પાસ કૈલાસ માનસરોવર તીર્થયાત્રા માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. વર્તમાનમાં કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા ભારતના નિયંત્રણમાં છે, પરંતુ નેપાળ પણ આ ક્ષેત્રો પર દાવો કરે છે. 1816માં બ્રિટિશ ભારત અને નેપાળે સુગૌલી સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. નેપાળ દ્વારા એંગ્લો–નેપાળ યુદ્ધ હારવાથી રાપ્તી અને કાલી નદીઓ વચ્ચેનો વિસ્તાર બ્રિટિશ ભારતને આપવો પડયો હતો. જો કે, આ સંધિમાં રિજલાઈન અંગે કોઈ વાત કરવામાં આવી ન હતી.

## અર્થવ્યવસ્થા

❖ **સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) એ તાજેતરમાં ભારતની બેરોજગારીની સ્થિતિ અંગેનો અહેવાલ જાહેર કર્યો હતો.**

→ જેના આંકડા અનુસાર, ડિસેમ્બર 2021માં ભારતનો બેરોજગારી દર 7.9%ના ચાર મહિનાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. નવેમ્બર 2021માં તે 7% હતો. ઓમિક્રોન વેરિયન્ટથી ઉત્પન્ન જોખમ મધ્યે COVID-19 મહામારીના કેસોમાં આવેલા ઉછાળા અને કેટલાય રાજ્યોમાં લાગુ નવા પ્રતિબંધોના કારણે આર્થિક પ્રવૃત્તિઓ અને ખપતનું સ્તર પ્રભાવિત થયું છે.

→ હરિયાણામાં આશરે 34.1% નો સર્વોચ્ચ બેરોજગારી દર નોંધાયો છે. રાજસ્થાનમાં 24.1% નો બીજો સર્વોચ્ચ બેરોજગારી દર જોવાયો હતો. રાજસ્થાન બાદ ઝારખંડ (17.3%), બિહાર (16%) અને જમ્મુ અને કાશ્મીર (15%) બેકારી દરમાં ક્રમશઃ ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને હતા. ડિસેમ્બરના બેરોજગારી દર છેલ્લાં ચાર મહિનાઓમાં સર્વોચ્ચ છે. પાછલો સર્વોચ્ચ બેકારી દર 8.32% ઓગસ્ટ 2021માં નોંધાયો હતો. દેશનો શહેરી બેરોજગારી દર 9.3% હતો. તે નવેમ્બરમાં 8.2% હતો. ગ્રામીણ બેરોજગારી દર નવેમ્બર 2021ના 6.44% ના સ્થાને ડિસેમ્બર 2021માં 7.28% હતો.

→ ભારતમાં સૌથી ઓછો બેરોજગારી દર કર્ણાટકમાં (1.4%) હતો. કર્ણાટક બાદ ગુજરાત અને ઓડિશામાં 1.6% - 1.6% બેરોજગારી દર હતો. જ્યારે છત્તીસગઢમાં 2.1% અને તેલંગાણામાં 2.2% બેકારી હતી.

❖ **જર્મનીના બર્લિન સ્થિત બિનનફાકારક સંગઠન ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા જાહેર 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેકસ' (CPI – ભ્રષ્ટાચાર અવધારણા સૂચકાંક)ની વર્ષ 2021ની આવૃત્તિ અનુસાર, ભારત 40ના CPI સ્કોર સાથે વિશ્વના 180 દેશોમાં 85મા સ્થાને છે.**

→ જેનો અર્થ એવો થાય છે કે છેલ્લાં એક વર્ષમાં ભારતમાં ભ્રષ્ટાચારમાં કોઈ ઘટાડો થયો નથી. સમગ્રતયા આ સૂચકાંક દર્શાવે છે કે ગત એક દશકમાં 86% દેશોમાં ભ્રષ્ટાચાર પર નિયંત્રણની સ્થિતિ ખૂબ ખરાબ રહી છે.

→ આ વર્ષે સર્વાધિક ઓછો કે નહીંવત્ ભ્રષ્ટાચાર ધરાવતા ટોચના ત્રણ દેશો ડેન્માર્ક, ફિનલેન્ડ અને ન્યૂઝીલેન્ડ છે, જેમાં પ્રત્યેકને 88નો સ્કોર પ્રાપ્ત થયો છે. દક્ષિણ સુદાન (11), સીરિયા (13) અને સોમાલિયા (13) સૂચકાંકમાં સૌથી નીચલા સ્થાને છે.

→ ભારત હાલના સૂચકાંકમાં 180 દેશોમાં 85મા સ્થાને છે. વર્ષ 2020માં તે 86મા અને વર્ષ 2019માં 80મા ક્રમે હતું. ભૂટાન સિવાય ભારતના તમામ પાડોશી દેશોને નીચલો રેન્ક મળ્યો છે.

❖ **ખાણ મંત્રાલયે તાજેતરમાં હિન્દુસ્તાન કોપર લિ. (HCL), નેશનલ એલ્યુમિનિયમ કંપની (NALCO) અને મિનરલ એક્સ્પ્લોરેશન કોર્પોરેશન (MECL) તરફથી સહભાગી હિત સાથે ખનિજ બિદેશ ઈન્ડિયા (KABIL) નામની એક સંયુકત સાહસ (JV) કંપની સ્થાપી છે.**

→ આ સંયુકત સાહસ (જોઈન્ટ વેન્ચર – JV) કંપનીનો શેર હિસ્સો 40 (NALCO): 30 (HCL) : 30 (MECL) છે. સરકારના આ પગલાંનો ઉદ્દેશ ખાસ કરીને પુનઃપ્રાપ્ય ઊર્જા (RE) અને e-મોબિલિટી ક્ષેત્રો માટે કાચા માલનો પ્રતિબદ્ધ પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. ભારત વર્તમાનમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બોલિવિયા અને ચિલી સહિતના દેશોમાં કોબાલ્ટ અને લિથિયમ જેવા વ્યૂહાત્મક ખનિજોની ખાણો હસ્તગત કરવાની દિશામાં કાર્યરત્ છે.

❖ **અન્ન પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયે તાજેતરમાં PMFME (પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ) યોજના અંતર્ગત 6 વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP – એક જિલ્લો એક ઉત્પાદન) બ્રાન્ડ લોન્ચ કરી છે.**

→ અગાઉ અન્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયે NAFED (નેશનલ એગ્રિકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિ.) સાથે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. આ સમજૂતી અન્વયે ODOPની 10 બ્રાન્ડ પસંદ કરવાની છે.

→ અમૃત ફળ, કાશ્મીરી મંત્ર, કોરિ ગોલ્ડ, મધુ મંત્ર, દિલ્લી બેકસની ઘઉંના લોટની કૂકીઝ તથા સોમદાણા જેટલી 6 બ્રાન્ડ લોન્ચ કરી છે.

❖ **તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા 17મો વૈશ્વિક જોખમ રિપોર્ટ 2022 જાહેર કરવામાં આવ્યો હતો.**

→ આ રિપોર્ટ વિશેષજ્ઞો અને વ્યાપાર, સરકાર અને નાગરિક સમાજમાં વિશ્વ પ્રતિનિધિઓ વચ્ચે વૈશ્વિક જોખમ ધારણાઓને ટ્રેક કરે છે. આ રિપોર્ટ 5 શ્રેણીઓ જોખમને ટ્રેક કરે છે. આર્થિક પર્યાવરણ, ભૂ–રાજકીય, સામાજિક અને ટેકનિકલમાં.

→ મહામારીની શરૂઆત બાદ સામાજિક અને પર્યાવરણીય જોખમ ખૂબ જ વધી ગયું છે. સામાજિક એકતામાં તિરાડ, આજીવિકા સંકટ અને માનસિક સ્વાસ્થ્યમાં ઘટાડો આગામી બે વર્ષોમાં દુનિયા માટે સૌથી વધુ જોખમ તરીકે જોવામાં આવતાં જોખમો છે. આ સિવાય ઋણ સંકટ, સાયબર સુરક્ષા અસફળતાઓ, ડિજિટલ અસમાનતા અને વિજ્ઞાન વિરોધી પ્રતિક્રિયામા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

→ વૈશ્વિક આર્થિક આઉટલૂક : આ મુખ્યત્વે અલ્પકાલિક આર્થિક દ્રષ્ટિકોણને અસ્થિર, ખંડિત અથવા ઝડપથી વિનાશકારી માને છે.

→ 2024 સુધીમાં વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ (ચીનને બાદ કરતાં) પોતાની પૂર્વ મહામારી અપેક્ષિત GDP વૃદ્ધિથી 5.5% ઓછી થઈ જશે, જ્યારે ઉન્નત અર્થવ્યવસ્થાઓએ વૈશ્વિક આવક અંતરાલમાં વિસ્તરણ કરીને 0.9% થી વધુ કરી નાંખ્યો હશે. 2024 સુધીમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમાં 2.3% નો ઘટાડો થવાની આશા છે.

❖ **તાજેતરમાં ઓકસફેમ ઈન્ડિયાએ ઈનઈકવલિટી કિલ્સ (InEquality Kills) શીર્ષકથી રિપોર્ટ જાહેર કર્યો છે.**

→ જેમાં વૈશ્વિક સ્તરે અને ભારતમાં COVID-19 મહામારીના કારણે ખરાબ અસર તરફ ઈશારો કર્યો છે. રિપોર્ટ અનુસાર, ભારતના સૌથી અમીર પરિવારોની સંપત્તિ 2021માં રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, 84% ભારતીય પરિવારોએ COVID-19 મહામારી વચ્ચે આવકમાં ઘટાડો નોંધાયો છે. સૌથી અમીર 98 ભારતીયો પાસે એટલી જ સંપત્તિ છે જેટલી નીચેના 552 મિલિયન લોકો પાસે છે. 2021 દરમિયાન ભારતીય અબજપતિઓની સંખ્યા 102 થી વધીને 142 થઈ ગઈ છે. ટોચના 100 પરિવારોની સંપત્તિ 57.3 લાખ કરોડ રૂપિયા છે. આ રિપોર્ટમાં ભારતને 'બેહદ અસમાન' (વધુ અસમાન) દેશ તરીકે વર્ણવવામાં આવ્યો છે, કારણ કે ભારતમાં ટોપ 10 લોકો પાસે 57% સંપત્તિ છે. જ્યારે સૌથી નીચેની અડધી વસતીની ભાગીદારી માત્ર 13% છે. રિપોર્ટ અનુસાર, મહામારી શરૂ થયા બાદ વિશ્વના 10 સૌથી અમીર લોકોની સંપત્તિ બેગણી થઈ ગઈ છે. COVID-19ના કારણે 99% લોકોની આવકમાં ઘટાડો થયો છે. અસમાનતા દર ચાર સેકન્ડે ઓછામાં ઓછા એક વ્યકિતના મોતનું કારણ બને છે.

❖ **તાજેતરમાં વર્લ્ડ બેંકે ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ જાહેર કર્યો હતો, જેમાં વૈશ્વિક વિકાસમાં 2021માં 5.5% થી 2022માં 4.1% અને 2023માં 3.2% નો તીવ્ર ઘટાડો નોંધાયો છે.**

→ ભારતમાં વિકાસ દર 2021માં 8.3%, 2022મા 8.7% અને 2023માં 6.8% રહેવાનું અનુમાન છે. 2020માં ભારતના વિકાસ દરમાં 7.3% નું સંકુચન (-7.3%) થયું હતું. ઉન્નત અર્થવ્યવસ્થાઓમાં વૃદ્ધિ દર 2021માં 5%, 2022માં 8% અને 2023માં 2.3% થવાનું અનુમાન છે. બીજી બાજુ ઉભરતી અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ માટે વિકાસ દર 2021માં 3% થી ઘટીને 2022માં 4.6% અને 2023માં 4.4% થવાનું અનુમાન છે.

❖ **RBIએ 'ઓફલાઈન ડિજિટલ પેમેન્ટ' અંગેનું ફ્રેમવર્ક લોન્ચ કર્યું હતું.**

→ આ ફ્રેમવર્ક અનુસાર, કોઈપણ ચેનલ અથવા સાધન જેમ કે, વોલેટ, મોબાઈલ ડિવાઈસ અથવા કાર્ડનો ઉપયોગ કરીને ઓફલાઈન પેમેન્ટ કરી શકાય છે, જેમાં ઈન્ટરનેટ અથવા ટેલિકોમ કનેકિટવિટીની જરૂરિયાત રહેતી નથી. જો કે, આ ઓફલાઈન પેમેન્ટ નજીક રહીને અથવા ફેસ–ટુ–ફેસ મોડમાં જ કરી શકાય છે. જે ઓથોરાઈઝ્ડ પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સ (PSOs) અને પેમેન્ટ સિસ્ટમ પાર્ટિસિપેન્ટ્સ (PSPS) (જેમાં બેંક અને નોન–બેંક સામેલ છે) ઓફલાઈન પેમેન્ટની સુવિધા શરૂ કરવા માંગે છે. તેઓએ નિર્ધારિત માળખા અંતર્ગતની શરતોનું પાલન કરવાનું રહેશે. આ ફ્રેમવર્ક અનુસાર, એડિશનલ ફેક્ટર ઓફ ઓથેન્ટિકેશન (AFA) વગર ઓફલાઈન પેમેન્ટ કરી શકાય છે. આ ફ્રેમવર્ક અનુસાર, મહત્તમ રૂ. 200 પ્રતિ ટ્રાન્ઝેકશનની મર્યાદામાં પેમેન્ટ કરી શકાય છે. તથા મહત્તમ રૂ. 2000 સુધી પેમેન્ટ કરી શકાય છે.

❖ **તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ભારતમાં ગતિશીલ રીતે બદલાતા નાણાકીય પરિદશ્ય પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે આંતરિક 'ફિનટેક વિભાગ'ની સ્થાપના કરી છે.**

→ RBIએ ડિપાર્ટમેન્ટ ઓફ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ (DPSS) (સેન્ટ્રલ ઓફિસ, મુંબઈ)ના ફિનટેક ડિવિઝનને સામેલ કરીને નવો ફિનટેક વિભાગ બનાવ્યો છે. RBIના એકિઝક્યુટિવ ડાયરેકટર અજય કુમાર ચૌધરીને ફિનટેક વિભાગના વડા તરીકે નિયુકત કરાયા છે. ફિનટેક વિભાગને વહીવટી રીતે RBIના સેન્ટ્રલાઈઝ્ડ એડમિનિસ્ટ્રેટિવ ડિવિઝન (CAD) સાથે જોડવામાં આવશે.

❖ **ભારત સરકારે તાજેતરમાં લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (LIC)માં 20% ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ની પરવાનગી આપવાનો નિર્ણય કર્યો છે.**

→ આ મંજૂરી ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)માં સુધારો કરીને આપવામાં આવશે. ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસીઝ (DFS), ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (DIPAM) દ્વારા ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) સાથે પરામર્શ કર્યા બાદ વીમા ક્ષેત્રમાં FDIમાં સુધારો કરવાની યોજના બનાવાશે. વર્તમાનમાં વીમા ક્ષેત્રમાં 74% FDIની મંજૂરી છે. જો કે, આ નિયમ LIC પર લાગુ પડતો નથી કારણ કે LICને પોતાનો કાયદો છે. નોંધનીય છે કે LIC એક વૈધાનિક સંસ્થા છે.

❖ **તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ડિજિટલ પેમેન્ટ ઈન્ડેક્સ જાહેર કર્યો હતો.**

→ આ સૂચકાંક અનુસાર, દેશમાં ડિજિટલ પેમેન્ટમાં માર્ચ 2021ની સાપેક્ષે સપ્ટેમ્બર, 2021માં 40% નો વધારો થયો છ. સપ્ટેમ્બર 2021માં ઓનલાઈન લેવડદેવડનું સૂચકાંક માપ 304.06 હતું, જે માર્ચ 2021માં 270.59 હતું સપ્ટેમ્બર 2020માં ઓનલાઈન પેમેન્ટનું માપ 217.74 હતું આ સૂચકાંક વર્ષમાં બે વાર માર્ચ અને સપ્ટેમ્બરના મહિનામાં જાહેર કરવામાં આવે છે. RBI ડિજિટલ પેમેન્ટ ઈન્ડેક્સનું આધાર વર્ષ 2018 છે.

→ આ સૂચકાંક 5 માપદંડોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં પેમેન્ટ સક્ષમકર્તા (25%), કન્ઝ્યુમર સેન્ટ્રિસિટી (5%), પેમેન્ટ પરફોર્મન્સ (45%), સપ્લાય સાઈડ ફેક્ટર્સ (15%) અને ડિમાન્ડ સાઈડ ફેક્ટર્સ (10%) આ ઈન્ડેક્સ અર્ધવાર્ષિક ધોરણે પ્રકાશિત કરવામાં આવે છે, પ્રથમવાર માર્ચ 2021માં પ્રકાશિત થયો હતો.

→ ડિજિટલ પેમેન્ટના માધ્યમથી પેમેન્ટમાં 39.64% નો વધારો થયો છે. બીજા ત્રિમાસિકમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) 82% વધ્યું છે. બીજા ત્રિમાસિકમાં લગભગ 19 બેંક UPI સિસ્ટમમાં સામેલ થઈ છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **ઈસરોના ચેરમેને તાજેતરમાં વર્ષ 2022 માટેની યોજનાઓની ઘોષણા કરી હતી.**

→ વર્ષ 2022 માટેના મહત્વના મિશનો :
PSLVના માધ્યમથી પૃથ્વી અવલોકન ઉપગ્રહો 4 અને 6 લોન્ચ કરાશે.
ISRO આદિત્ય L1, ચંદ્રયાન 3, એક્સ્પોસેટ, ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેશન મિશનો અને IRNSS પણ વર્ષ 2022માં લોન્ચ કરશે.
2022ના અન્ય મિશનોમાં DISHA, વીનસ મિશન, ISROCNES, TRISHNAનો સમાવેશ થાય છે.

→ વર્ષ 2021માં પૂરા થયેલા મિશનો :
NISAR મિશન : S-બેન્ડ SAR પેલોડ નાસાને ડિલિવર કરાયું.
આદિત્ય L1 મિશન : હાર્ડવેર લૂપ ટેસ્ટ પૂર્ણ
GSLV F-10 મિશન ક્રાયોજેનિક તબક્કા દરમિયાન ઉત્પન્ન મુદ્દાઓના કારણે નિષ્ફળ રહ્યું.
ચંદ્રયાન 3 ની ડિઝાઈન બદલવામાં આવી.
ગગનયાન : ક્રાયોજેનિક સ્ટેજ માટે પરીક્ષણો પ્રગતિમાં છે.

❖ **તાજેતરમાં એશિયન જળપક્ષી ગણના હાથ ધરાઈ હતી.**

→ એશિયન વોટરબર્ડ સેન્સસ (AWC) આંતરરાષ્ટ્રીય જળપક્ષી ગણનાનો એક અખંડિત ભાગ છે. આંતરરાષ્ટ્રીય જળપક્ષી ગણના 143 દેશોમાં હાથ ધરવામાં આવે છે. AWC વેટલેન્ડ્સ ઈન્ટરનેશનલ અને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (BNHS) દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવે છે. AWC દર વર્ષે જાન્યુઆરીમાં યોજાય છે. ગણના દરમિયાન સ્વયંસેવકો આર્દ્રભૂમિઓ (વેટલેન્ડ્સ)ની મુલાકાત લે છે અને જળપક્ષીઓની ગણતરી કરે છે. AWC નો આરંભ 1987માં કરાયો હતો. વર્ષ 2021માં AWC દ્વારા જણાવવામાં આવ્યું હતું કે એકંદર જળપક્ષીઓની વસતી વર્ષ 2020ની તુલનામાં ચાર ગણી ઘટી છે.

→ ભારતીય આર્દ્રભૂમિઓમાં ખૂબ જ સામાન્ય પક્ષી પ્રજાતિ ઈન્ડિયા સ્પોટ બિલ્ડ ડકની માત્ર એક જોડી જ જોવા મળી. અલબત્ત, કુલ પક્ષીઓની સંખ્યા ઘટી છે. માનવીય હસ્તક્ષેપને લઈને સરોવરનું સ્તર બગડી રહ્યું છે. પક્ષીઓની ગણના હજુ ચાલુ છે અને તે ફેબ્રુઆરી 2022માં પૂર્ણ થશે.

❖ **નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયની તાજેતરની ઘોષણા અનુસાર, ભારતે બિનઅશ્મિભૂત ઈંધણ લક્ષ્ય 2030 પહેલાં જ હાંસલ કરી લીધું છે.**

→ COP21માં રાષ્ટ્રીયસ્તરે નિર્ધારિત યોગદાન (NDC) તરીકે ભારત વર્ષ 2030 સુધીમાં સંસ્થાપિત વિદ્યુત ક્ષમતાના 40% બિનઅશ્મિભૂત ઊર્જા સ્ત્રોતોમાંથી પેદા કરવા વચનબદ્ધ હતું, પરંતુ ભારતે નવેમ્બર 2021 માં જ આ લક્ષ્ય હાંસલ કરી લીધુ છે. 30 નવેમ્બર, 2021 સુધીમાં ભારતની સંસ્થાપિત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા 150.54 ગીગાવોટ (સૌર ઊર્જા 48.55 ગીગાવોટ, પવન ઊર્જા 40.03 ગીગાવોટ, સ્મોલ હાઈડ્રો પાવર 4.83, બાયોમાસ 10.62, મોટા હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર 46.51 ગીગાવોટ) છે, જ્યારે દેશની પરમાણુ ઊર્જા આધારિત સંસ્થાપિત વિદ્યુત ક્ષમતા 6.78 ગીગાવોટ છે. જેથી કુલ બિનઅશ્મિભૂત આધારિત સંસ્થાપિત ઊર્જા ક્ષમતા 157.32 ગીગાવોટ થઈ જાય છે, જે 392.01 ગીગાવોટની કુલ સંસ્થાપિત વિદ્યુત ક્ષમતાના 40.1 ટકા છે. ભારત સરકાર વર્ષ 2030 સુધીમાં બિનઅશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી 500 ગીગાવોટ સંસ્થાપિત વિદ્યુત ક્ષમતા લક્ષ્ય હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે.

❖ **વાઘ સંરક્ષણ અંગે ચોથા એશિયા મંત્રીસ્તરીય સંમેલનનું આયોજન હાઈબ્રિડ મોડમાં મલેશિયા સરકાર અને ગ્લોબલ ટાઈગર ફોરમ (GTF) દ્વારા કરાયું હતું.**

→ તેમાં ભારતનું પ્રતિનિધિત્વ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે કર્યું હતું. ચોથા એશિયા મંત્રીસ્તરીય સંમેલને કુઆલાલમ્પુર સંયુક્ત વકતવ્ય અપનાવ્યું હતું, જેમાં 14 પ્રતિબદ્ધતાઓ સૂચિબદ્ધ કરાઈ છે. ભારતના રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળે વાઘોના પુનઃ ઉત્પાદન માટે માર્ગદર્શિકા જાહેર કરવાનો નિર્ણય કર્યો છે, જેનો ઉપયોગ અન્ય વાઘ રેન્જવાળા દેશો દ્વારા કરાશે. ગ્લોબલ ટાઈગર રિકવરી પ્રોગ્રામની પ્રગતિ અને વાઘ સંરક્ષણ પ્રતિ પ્રતિબદ્ધતાઓની સમીક્ષા માટે આ સંમેલન ખૂબ જ મહત્વપૂર્ણ છે.

→ ભારત વાઘ રેન્જવાળા દેશોના આંતર સરકારી મંચ ગ્લોબલ ટાઈગર ફોરમ (GTF)ના સંસ્થાપક સદસ્યો પૈકીનો એક છે. GTFમાં વાઘ રેન્જવાળા દેશો બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, કમ્બોડિયા, નેપાળ, મ્યાનમાર અને વિયેતનામ છે.

❖ **તાજેતરમાં મધ્ય પ્રદેશના પન્ના ટાઈગર રિઝર્વમાં પહેલીવાર એક ઈન્ડિયન ડેઝર્ટ કેટ જોવા મળી હતી.**

→ ઈન્ડિયન ડેઝર્ટ કેટને એશિયાટિક વાઈલ્ડ કેટ અથવા એશિયન સ્ટેપી વાઈલ્ડ કેટ નામથી પણ ઓળખવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક નામ ફેલિસ સિલ્વેસ્ટ્રિસ ઓરનાટા છે. તે સામાન્ય રીતે રાજસ્થાનના થારના રણનું એક પ્રાણી છે. આ બિલાડી ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા પશ્ચિમ ભારતના શુષ્ક અને અર્ધ–શુષ્ક ક્ષેત્રોમાં મળી આવે છે.

- **કેન્દ્ર સરકારે ભારતમાં ચિત્તાના પુનરાગમ માટે એક એકશન પ્લાન લોન્ચ કર્યો છે, જે અંતર્ગત આગામી પાંચ વર્ષોમાં 50 ચિત્તાઓને લાવવામાં આવશે.**
  → નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીની 19મી બેઠકમાં પર્યાવરણ મંત્રાલય દ્વારા ભારતમાં ચિત્તાઓને પુનઃ લાવવાનો એકશન પ્લાન જાહેર કરાયો હતો. આશરે 12 થી 14 ચિત્તાઓને દક્ષિણ આફ્રિકા અથવા નામિબિયાથી આયાત કરાશે. તેમને મધ્ય પ્રદેશમાં કુનો પાલપુર નેશનલ પાર્ક (KNP) ખાતે લઈ જવાશે.
- **ઓડિશા વાઈલ્ડલાઈફ ઓર્ગેનાઈઝેશને તાજેતરમાં રાજ્યના ચિલિકા સરોવરમાં પક્ષીઓની ગણતરી અંગે ચિલિકા જળપક્ષી સ્થિતિ સર્વેક્ષણ–2022 હાથ ધર્યું હતું.**
  → ઓડિશા વાઈલ્ડલાઈફ ઓર્ગેનાઈઝેશન સાથે આ કાર્યમાં ચિલિકા ડેવલપમેન્ટ ઓથોરિટી અને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (BNHS) પણ જોડાઈ હતી.
  → 2022ના સર્વેમાં 10,74,173 પક્ષીઓની ગણતરી થઈ હતી. આમાં અસામાન્ય અને દુર્લભ મોંગોલિયન ગલનો પણ સમાવેશ થાય છે. ચિલિકા સરોવરમાં આશરે 107 જળપક્ષી પ્રજાતિઓ અને 76 આર્દ્રભૂમિ પર નિર્ભર પક્ષી પ્રજાતિઓ જોવા મળી હતી. વર્ષ 2021માં આ ગણતરી 12 લાખ હતી.
  → નોર્ધર્ન પિનટેઈલ, યુરેશિયન વિજિયોન તથા ગેડવોલ જેવી ત્રણ મુખ્ય પક્ષી પ્રજાતિઓની સંખ્યા સરોવરમાં એક લાખ જેટલી હતી. ગેડવોલ અને યુરેશિયન વિજિયોનની વસતી આ વર્ષે ગત વર્ષ કરતા ઓછી નોંધાઈ છે.
  → કોમન કૂટ, નોર્ધર્ન પિનટેઈલ અને કોમન પોચાર્ડ જેવી પક્ષી પ્રજાતિઓની વસતીમાં વધારો નોંધાયો છે. ટફટેડ ડક, નોર્ધર્ન શોવલર તથા રેડ ક્રેસ્ટેડ પોચાર્ડની વસતીમાં ઘટાડો નોંધાયો છે.
  → 2022ની ગણતરીમાં ગ્રેટર ફલેમિંગોની વસતી એક દાયકામાં સૌથી વધુ નોંધાઈ છે. આનું મુખ્ય કારણ નલબાનામાં મડફલેટ્સની બહાલી છે.
  → ઈન્ડિયન મૂરહેન, પર્પલ હેરોન અને જકાનાસ જેવી સ્થાનિક પક્ષી પ્રજાતિઓ પણ મોટી સંખ્યામાં જોવા મળી છે.
  → ચિલિકા સરોવરમાં હિમાલય, લદાખ, અગ્નિ એશિયા, અરબી સમુદ્ર, રશિયાના ભાગો, કાસ્પિયન સમુદ્ર, બૈકાલ સરોવર જેવા સ્થળોએથી યાયાવર પક્ષીઓ આવે છે.
- **કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે આપેલા આંકડા અનુસાર, વર્ષ 2009 થી 2019 દરમિયાન ભારતભરમાં કરન્ટ લાગવાથી 600 હાથી મોતને ભેટયા છે.**
  → કુલ મૃત્યુમાંથી 116 કર્ણાટકમાં, 117 ઓડિશામાં જ્યારે 105 આસામમાં નોંધાયા છે. અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા અને મહારાષ્ટ્ર માત્ર એવા રાજ્યો છે જ્યાં હાથીઓના આવા મૃત્યુ થયા નથી.
- **ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN)એ તાજેતરમાં રકત ચંદન (લાલ ચંદન)ને ફરીવાર તેના રેડ લિસ્ટમાં સંકટગ્રસ્ત શ્રેણીમાં વર્ગીકૃત કર્યું છે.**
  → રકત ચંદન તરીકે ઓળખાતી વૃક્ષની આ પ્રજાતિનું વૈજ્ઞાનિક નામ ટેરોકાર્પસ સેન્ટાલિનસ છે. આ એક ભારતીય સ્થાનિક વૃક્ષ પ્રજાતિ છે અને તેની ભૌગોલિક સીમા પૂર્વીય ઘાટ સુધી જ સીમિત છે. આ પ્રજાતિ આંધ્ર પ્રદેશમાં જંગલોના એક વિશિષ્ટ માર્ગ માટે સ્થાનિક છે. વર્ષ 2018માં તેને 'ખતરાની નિકટ'ની પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી.
- **તાજેતરમાં વિશ્વ ધરોહર સ્થળ અને ટાઈગર રિઝર્વ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં જળકૂકડી (Water Fowl) ની ગણતરી કરવામાં આવી હતી.**
  → 2021માં પક્ષીઓની સંખ્યા વધીને 93,491 થઈ ગઈ છે. 2020માં તે સંખ્યા 34,284 હતી. 1 વર્ષમાં પક્ષીઓની સંખ્યામાં 175% નો વધારો જોવા મળ્યો છે. વસતી ગણતરી દરમિયાન લગભગ 126 પ્રજાતિઓને ધ્યાને લેવાઈ હતી. આ વસતી ગણતરીમાં ખાઈટ કાઉન્ટ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
  → આ વસતી ગણતરીમાં 868 હરણોની માહિતી મળી છે. દુર્ભાગ્યવશ હરણોની સંખ્યામાં ઘટાડો થયો છે. અગાઉ આ સંખ્યા 907 હતી.
- **તાજેતરમાં DRDOની લેબોરેટરી એરિયલ ડિલીવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADRDE) દ્વારા 500 કિલોગ્રામની ક્ષમતા ધરાવતી કન્ટ્રોલ્ડ એરિયલ ડિલિવરી સિસ્ટમ (CADS)નું હવાઈ પ્રદર્શન કરાયું હતું.**
  → આ પ્રદર્શન સ્વતંત્રતાના 75 વર્ષની પૂર્ણાહુતિના ઉપલક્ષ્યમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી માટે આયોજિત પ્રવૃત્તિઓની શ્રેણીના ભાગરૂપે કરાયું હતું. આ સિસ્ટમનું પ્રદર્શન ડ્રોપ ઝોન માલપુરામાં 5000 મીટરની ઊંચાઈ પરથી કરવામાં આવ્યું હતું. આ સિસ્ટમ AN32 એરક્રાફ્ટ પરથી પેરા ડ્રોપ કરાઈ હતી. ભારતીય સૈન્ય અને ભારતીય વાયુસેનાના 11 પેરા ટુપર્સે આ સિસ્ટમ પાછળ કૂદકો લગાવ્યો હતો. CADS 500 નો ઉપયોગ રેમ એર પેરાશૂટની યુદ્ધાભ્યાસ ક્ષમતાઓનો ઉપયોગ કરીને પૂર્વનિર્ધારિત સ્થાન પર 500 કિલોગ્રામ સુધીના પેલોડની સચોટ ડિલિવરી માટે કરવામાં આવે છે.
- **તાજેતરમાં DRDOએ નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ પ્રાઈમ (અગ્નિ–P)નું ઓડિશાના બાલાસોરમાં ડો. એ.પી.જે.અબ્દુલ કલામ ટાપુ પરથી સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલનું બીજું પરીક્ષણ છે.**
  → જમીનથી જમીન પર પ્રહાર કરવા સક્ષમ પરમાણુ સુસજ્જ બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ–P ની મારક ક્ષમતા 1000 થી 2000 કિ.મી. છે.
- **તાજેતરમાં પુણે (મહારાષ્ટ્ર)માં એક કાર્યક્રમ દરમિયાન સ્વદેશી રીતે વિકસિત આગામી પેઢીના આર્મર્ડ એન્જિનિયર રેકોનેસન્સ વેહિકલ (AERV)ની પ્રથમ બેચને ભારતીય સૈન્યના કોર્પ્સ અફ એન્જિનિયર્સમાં સામેલ કરવામાં આવ્યું છે.**
  → આ કાર્યક્રમ ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) જનરલ મનોજ મુકુંદ નરવણેની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવ્યો હતો. AERVની ડિઝાઈન ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા કરવામાં આવી છે અને તેનું નિર્માણ તેલંગાણામાં ઓર્ડનન્સ ફેકટરી મેડક (OFMK) અને ભારત ઈલેકટ્રોનિકસ લિમિટેડે (BEL), પુણે દ્વારા કરવામાં આવ્યું છે.

- **તાજેતરમાં ભારતીય નૌસેનાએ અરબ સાગરમાં ભારતીય નૌસેનાના સ્વદેશી રીતે નિર્મિત સ્ટીલ્થ ડિસ્ટ્રોયર મોર્મુગાઓનું પ્રથમ સમુદ્રી પરીક્ષણ કર્યું હતું.**
  - → આ યુદ્ધ જહાજનું નિર્માણ પ્રોજેક્ટ P-15B અંતર્ગત મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDSL) માં કરવામાં આવી રહ્યું છે. આ યુદ્ધજહાજનું નિર્માણ પોર્ટુગલ શાસનમાંથી ગોવાની મુક્તિની 60મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં કરાયું છે. મોર્મુગાઓ ડિસ્ટ્રોયર પ્રોજેક્ટ P-15B અંતર્ગત વિકસિત INS વિશાખાપટ્ટનમ બાદ બીજું યુદ્ધ જહાજ છે. પ્રોજેક્ટ P-15B અંતર્ગત વિશાખાપટ્ટનમ, મોર્મુગાઓ, ઈમ્ફાલ અને સુરત નામક કુલ 4 યુદ્ધ જહાજો વિકસાવવામાં આવશે.
- **ભારતીય સૈન્યએ તાજેતરમાં ASIGMA નામની એક સમકાલીન મેસેજ એપ્લિકેશન લોન્ચ કરી છે.**
  - → ASIGMAનું પૂરું નામ આર્મી સિક્યોર ઈન્ડિજીનસ મેસેજિંગ એપ્લિકેશન છે. ASIGMA AWAN(આર્મી વાઈડ એરિયા નેટવર્ક) મેસેજિંગ એપ્લિકેશનનું સ્થાન લેશે. AWAN છેલ્લાં 15 વર્ષોથી સેવામાં છે. નવી પેઢીની વેબ આધારિત મેસેજિંગ એપ્લિકેશન સૈન્યએ જ, વિશેષ કરીને ભારતીય સૈન્યના કોર ઓફ સિગ્નલ્સના અધિકારીઓની ટીમે સંપૂર્ણપણે વિકસાવી છે. સૈન્યના ઈન્ટરનલ નેટવર્ક પર મેસેજિંગ એપ વિકસિત કરાઈ છે. ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલની તર્જ પર તેનો વિકાસ કરાયો છે.
- **અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા NASA અને ભારતની અવકાશ સંશોધન સંસ્થા ISROના સહયોગાત્મક સંશોધન કાર્યક્રમમાં જોડાવા માટે કેરાલા યુનિવર્સિટી ઓફ ફિશરીઝ એન્ડ ઓશન સ્ટડીઝ (KUFOS)ની પસંદગી કરવામાં આવી છે.**
  - → KUFOSને આ સંશોધન કાર્યક્રમમાં ISROના સ્પેસ એપ્લિકેશન સેન્ટર દ્વારા જોડવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે NASA અને ISRO સંયુક્ત રીતે એક સ્પેસ–બોર્ન સિન્થેટિક અપર્ચર રડાર (NISAR)નો વિકાસ કરી રહ્યાં છે. તેને જાન્યુઆરી 2023માં લોન્ચ કરવામાં આવશે.
- **અમેરિકી અંતરિક્ષ સંશોધન સંસ્થા નાસાનું સાઈકી મિશન ઓગસ્ટ 2022માં લોન્ચ થવા જઈ રહ્યું છે.**
  - → નાસાનું સાઈકી મુખ્ય લઘુગ્રહ પટ્ટામાં સાઈકી તરીકે ઓળખાતા ધાતુના બનેલા વિશાળ લઘુગ્રહનું અન્વેષણ કરવા માટેનું સૌપ્રથમ મિશન હશે. લઘુગ્રહ સાઈકી મંગળ અને ગુરુ વચ્ચે સ્થિત છે અને સૂર્યની પરિક્રમા કરે છે.
- **તાજેતરમાં ISROએ ગગનયાન કાર્યક્રમ માટે ક્રાયોજેનિક એન્જિનનું પરીક્ષણ તમિલનાડુના મહેન્દ્રગિરીમાં ISRO પ્રોપલ્શન કોમ્પ્લેક્ષમાં 720 સેકન્ડ માટે કર્યું હતું.**
  - → ગગનયાન મિશન અંતર્ગત, 3 ફ્લાઈટો કક્ષામાં મોકલવામાં આવશે. 3 માંથી બે માનવ રહિત ઉડાનો હશે જ્યારે એક સમાનવ અવકાશ ઉડાન હશે. સમાનવ ઉડાનના મોડ્યુલમાં એક મહિલા સહિત 3 ભારતીય અવકાશયાત્રી હશે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

- **28 જાન્યુઆરી, 2022ના રોજ દેશના નવા આર્થિક સલાહકારપદે ડો.વી.અનંત નાગેશ્વરનની નિમણૂક કરી છે.**
  - → નાણાં મંત્રાલય સાથે સંકળાયેલા સચિવ સ્તરના અધિકારી એવા મુખ્ય આર્થિક સલાહકાર (CEA) પરંપરાગત રીતે દર વર્ષે આર્થિક સર્વેના મુખ્ય સ્થપતિ હોય છે. કેન્દ્ર સરકારે ડો. વી.અનંત નાગેશ્વરનની 18મા મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિમણૂક કરી છે. ડો. નાગેશ્વરન વર્ષ 2019 થી 2021 સુધી ભારતના વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના પાર્ટ–ટાઈમ સભ્ય પણ હતા.
- **2021માં ક્રિકેટે પુરુષો અને મહિલાઓ એમ બન્ને સર્કિટમાં અમુક શાનદાર પ્રદર્શનો જોયા અને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ તેના વાર્ષિક ICC પુરસ્કાર 2021 સમારોહમાં તમામ અકલ્પનીય પ્રદર્શનોની કદર કરવાની તેની પરંપરા ચાલુ રાખી છે.**

| એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|
| ICC મેન્સ ODI ક્રિકેટર ઓફ ધ યર | બાબર આઝમ | પાકિસ્તાન |
| ICC વીમેન્સ ODI ક્રિકેટર ઓફ ધ યર | લિઝલે લી | દક્ષિણ આફ્રિકા |
| ICC મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર | જો રૂટ | ઈંગ્લેન્ડ |
| રાચેલ હેહો ફ્લિન્ટ ટ્રોફી ફોર ICC વીમેન્સ ક્રિકેટર ઓફ ધ યર | સ્મૃતિ મંધાના | ભારત |

## એવોર્ડ, પુરસ્કાર

- **ધ ઈન્ડસ આંત્રપ્રિન્યોર્સ (TiE)એ આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલાને બિઝનેસ ટ્રાન્સફોર્મેશનમાં 2021ના ગ્લોબલ આંત્રપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કર્યા છે.**
  - → UAEના દુબઈમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન તેમને અન્ય ઉદ્યમશીલો સાથે સન્માનિત કરાયા હતા. કુમાર મંગલમ બિરલા આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરનારા પહેલાં ભારતીય ઉદ્યોગપતિ છે.
- **ઓસ્ટ્રેલિયાના 17 વર્ષીય રોબર્ટ ઈરવિને ઉત્તરીય ઓસ્ટ્રેલિયામાં ભભૂકી ઉઠેલા દાવાનળની ડ્રોન તસવીર ખેંચવા બદલ નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમનો વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર ઓફ ધ યર પીપલ્સ ચોઈસ એવોર્ડ, 2020 જીત્યો છે.**

- **2020 ટોકયો પેરાલિમ્પિકમાં શૂટિંગમાં ભારત તરફથી પ્રથમ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનાર ભારતીય પેરાશૂટર અવનિ લેખડાએ 2021 પેરાલિમ્પિક સ્પોર્ટ્સ એવોર્ડ્સમાં શ્રેષ્ઠ મહિલા પદાર્પણનું સન્માન જીતી લીધું છે.**
  - → આ પુરસ્કારની ઘોષણા આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક સમિતિ દ્વારા કરાઈ હતી. અવનિ લેખડા પેરાલિમ્પિક રમતોની એક જ આવૃત્તિમાં 2 મેડલ જીતનારી ભારતની પ્રથમ મહિલા પેરાલિમ્પિક ખેલાડી બની છે.

❖ **પેટા (PETA – પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ) ઈન્ડિયાએ બોલિવૂડની અભિનેત્રી આલિયા ભટ્ટને તેની વર્ષ 2021ની પર્સન ઓફ ધ યર ઘોષિત કરી છે.**

→ અત્રે ઉલ્લેખનીય છે કે આલિયા ભટ્ટ પ્રાણી કલ્યાણ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં સક્રિય રીતે સામેલ થાય છે. તેણીએ ગત વર્ષે તેની વીગન કિડ્સવેર લાઈન ઈદ–એ–મમ્મા લોન્ચ કરી હતી.

❖ **ઓલિમ્પિકના ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપરાને પરમ વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરાયા છે.**

→ નીરજ ચોપરાએ ટોકયો ઓલિમ્પિક 2020માં ભારતને અત્યાર સુધીનો સૌપ્રથમ એથ્લેટિક ગોલ્ડ મેડલ અપાવી ઈતિહાસ રચ્યો હતો. તેમણે 87.58 મીટર દૂર સુધી ભાલો ફેંકયો હતો.

→ પરમ વિશિષ્ટ સેવા મેડલની સ્થાપના 1960માં થઈ છે. તે શાંતિ કાળની સેવાઓ બદલ એનાયત થાય છે. તે પદ્મભૂષણથી નીચું અને મહાવીર ચક્રથી ઉચ્ચ સન્માન છે. તે એક સૈન્ય એવોર્ડ છે.

❖ **કન્ટેન્ટ ક્રિયેટર અને અભિનેત્રી પ્રાજકતા કોલી ભારતના પ્રથમ UNDP યુથ કલાઈમેટ ચેમ્પિયન બન્યા છે.**

→ પ્રાજકતા કોલીએ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) સાથે ભાગીદારી અંતર્ગત આ ખિતાબ જીત્યો છે. વિવિધ વૈશ્વિક સામાજિક અભિયાનોના માધ્યમથી માનસિક સ્વાસ્થ્ય, બાલિકા શિક્ષણ અને મહિલાઓના અધિકારો પ્રત્યે તેમના યોગદાનના કારણે તેમને આ ઉપાધિ પ્રદાન કરવામાં આવી છે.

→ પ્રાજકતા કોલી ભારતીય Youtuber અને અભિનેત્રી છે, જેમને Youtube ચેનલ 'Mostlysane' માટે ઓળખવામાં આવે છે.

## મહત્વના દિવસો

- **20 ડિસેમ્બર, 2021 : આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ**
- **23 ડિસેમ્બર, 2021 : રાષ્ટ્રીય કિસાન દિવસ**
- **23 જાન્યુઆરી, 2022 : પરાક્રમ દિવસ અથવા સાહસ દિવસ**
  – નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિના દિવસે તેમના સન્માનમાં ઉજવવામાં આવે છે.
- **24 જાન્યુઆરી, 2022 : નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે (રાષ્ટ્રીય બાલિકા દિવસ)**
- **25 જાન્યુઆરી, 2022 : નેશનલ ટુરિઝમ ડે (રાષ્ટ્રીય પ્રવાસન દિવસ)**
  – થીમ : 'રૂરલ એન્ડ કમ્યુનિટી સેન્ટ્રિક ટુરિઝમ'
- **25 જાન્યુઆરી, 2022 : રાષ્ટ્રીય મતદાતા દિવસ**
  – થીમ : 'સમાવેશી, સુગમ અને સહભાગી ચૂંટણી' (Making Elections Inclusive Accessible and Participative)
- **26 જાન્યુઆરી, 2022 : ઈન્ટરનેશનલ કસ્ટમસ ડે (આંતરરાષ્ટ્રીય સીમા શુલ્ક દિવસ)**
  – થીમ : 'કસ્ટમ્સ બોલ્સ્ટરિંગ રિકવરી, રિન્યૂઅલ એન્ડ રેઝિલિયન્સ'
- **27 જાન્યુઆરી, 2022 : હોલોકોસ્ટ પીડિતોની યાદમાં આંતરરાષ્ટ્રીય સ્મરણોત્સવ દિવસ**
  – થીમ : 'મેમરી, ડિગ્નિટી, જસ્ટિસ' (સ્મૃતિ, ગરિમા, ન્યાય)

Banking Academy